ભારતવર્ષીય ઔદીચ્યબ્રહ્મ સમાજ.

દશમું સંમેલન

પ્રમુખશ્રી શ્રીમન્નથુરામ શર્માનું ભાષણ.

છપાવી પ્રસીદ્ધ કરનાર

ગણપતરામ અનુપરામ ત્રવાડી.

વાડીફળીઆ—સુરત.

સુરત ધી “રાંદેર” પ્રિન્ટિંગ પ્રેસમાં

રતિલાલ દુર્લભદાસે છાપ્યું.

સને ૧૯૧૩.

નથી. પચાસ વર્ષથી ઉપરની વયવાળા કોઈ પણ ઔદીચ્ય બ્રાહ્મણને કોઇ પણ ઔદીચ્ય બ્રાહ્મણે કોઈ પણ નિમિત્તે પોતાની કન્યા ન આપવી એવો ઠરાવ જો પ્રાંતિકસમાજો કરે, ને જે તેમ ન વર્તે તેને યોગ્ય શિક્ષા કરવાનું ઠરાવવામાં આવે, તો આવાં કજોડાં થતાં અટકે, તથા નાની બાલાઓનું ભાવિ વિપત્તિમાંથી રક્ષણ કર્યાનું પુણ્ય સંપાદન કરી શકાય.

ઉત્તરક્રિયામાં દેખાદેખીથી, ખોટી મોટાઇની લાલસાથી, ને મૂર્ખાઓના મહેણાંની બીકથી, બહુ વ્યય કરવાથી આપણી જ્ઞાતિના બ્રહ્મણોના કેટલાક ભાગની દયામણી સ્થિતિ થઇ ગઇ છે. ઉત્તરક્રિયાના ખર્ચોમાં હવે સુધારો કરવાની અગત્ય છે. તે સુધારો શાસ્ત્રીય ને લૌકિક પક્ષને અનુકૂલ આવે એવો થવો જોઈએ. મરનારની પછવાડે શાસ્ત્રીયપક્ષે જે શ્રાદ્ધો કરવાનાં છે તે યથાવિધિ કરવાં, ને તેમાં જેટલા બ્રાહ્મણો જમાડવાની અગત્ય હોય તેટલા બ્રાહ્મણોજ જમાડવા, નકામો વિસ્તાર ન કરવો. ભગવાન્ મનુ પોતાના માનવધર્મશાસ્ત્રમાં કહે છે કે શ્રાદ્ધમાં ઘણા બ્રાહ્મણો જમાડવાનો પ્રયત્ન ન કરવો, કેમકે શ્રાદ્ધમાં જમાડવાયોગ્ય બ્રાહ્મણો મેળવવાનું કામ શ્રમસાધ્ય છે. વડનગરા નાગરોમાં ને દક્ષિણી બ્રહ્મણોમાં જેમ મરનારની પછવાડે જ્ઞાતિ જમાડવાનો નિયમ નથી તેમ આપણામાં પણ થવું જોઈએ. શુકલો ને જમાડવાયોગ્ય સમીપનાં સગાંવહાલાંનેજ માત્ર તેવા પ્રસંગમાં ભોજન કરાવવાનું રાખવું જોઇએ. આમ કરવાથી શાસ્ત્રની મર્યાદા જળવાવાઉપરાંત લૌકિકરીતે સમય, દ્રવ્ય ને શ્રમનો બચાવ થશે, તથા કેટલાકનાં આરોગ્ય બગડવાનો પ્રસંગ પણ નહિ પ્રાપ્ત થાય. જ્ઞાતિનું ભોજન નહિ કરવાથી બચેલા દ્રવ્યનો જેમને જ્ઞાતિનાં અનાથોને, વિધવાઓને તથા અપંગોને સાહાય્ય કરવામાં ઉપયોગ કરવો હશે તેમનાથી તે ઉપયોગ કરી શકાશે. વળી જ્ઞાતિમાં ઉપયોગી પુસ્તકોનાં લાણાં કરવામાં, જ્ઞાતિના ઉપયોગમાટે નાનાં નાનાં પુસ્તકાલયો ઉઘાડવામાં, તથા દુર્બળ છતાં

ને પોતપોતાની યોગ્યતાપ્રમાણે આ સમાજદ્વારા આપણી જ્ઞાતિની સેવા કરશે.

આપણી જ્ઞાતિનો ઉદય કરવામાટે જે જે સજ્જનો જો તેમનામાં રહેલા નીચેના શુભ ગુણોનો વધારે વિકાસ કરવા પ્રયત્નશીલ રહેશે તો તેઓ જ્ઞાતિના હિતઉપરાંત પોતાનું હિત સાધવામાં પણ ભાગ્યશાળી થશે.

ત્રિકાલાબાધ્ય પરમાત્મામાં દૃઢ ભક્તિભાવ, પૂજ્ય પુરુષોપ્રતિ વિનય ને પ્રેમ, સર્વ બંધુઓપ્રતિ સૌજન્ય, અંતઃકરણની ક્રોધ, ઈર્ષ્યા ને અસૂયારહિત શાંતસ્થિતિ, દુઃખી બંધુઓ તથા દુઃખી ભગિનીઓપર દયા, પરવિચારસહિષ્ણુતા, અર્થાત્ અન્ય બંધુનો વિચાર ગમે તેટલો ભૂલભરેલો હોય તોપણ તેના વિચારપ્રતિ ઔદાર્યબુદ્ધિપૂર્વક વિચાર કરવાની વૃત્તિ, પોતાને પ્રાપ્ત થયેલા કાર્યને તુરત સમજી લેવાનું, ધારણ કરવાનું, ને તે ઉપર યોગ્ય નિર્ણય કરવાનું સામર્થ્ય, કોઈ પણ કાર્ય કરતી વેળા તેના પરિણામને જાણવાનું બલ, પ્રાપ્ત કાર્યને કરવાની એકનિશ્ચયવાળી બુદ્ધિ, અને પોતાનું કર્તવ્ય તથા યોગ્યતા સમજવાની શક્તિ.

આપણા હૃદયમાં વિરાજતા પરમકૃપાલુ પરમાત્મા આપણા સર્વના ઉપર કૃપા કરી આપણા સર્વનાં હૃદયોને ઉપર જણાવેલા શુભ ગુણોથી અલંકૃત કરો એમ આપણે સર્વએ શુદ્ધ ભાવથી ઇચ્છવું જોઇએ.

વહાલા બંધુઓ! જ્યાંસુધી આપણામાંના પ્રત્યેક બંધુને સ્વધર્મપરિપાલનમાં શુદ્ધ ભાવવાળો સદાગ્રહ નહિ બંધાય, ને જ્યાંસુધી આપણે આપણું મુખ્ય કર્તવ્ય સમજીને તેનું દૃઢતાપૂર્વક પરિપાલન નહિ કરીએ ત્યાંસુધી આપણો અભ્યુદય થવાનો નથી. જેમને સ્વધર્મનું રહસ્ય ન સમજાતું હોય તેમણે સત્પુરુષોદ્વારા તે સમજવું, ને પછી તેનું પ્રાણાંતનિશ્ચયથી શુદ્ધ ભાવવડે